નવી બાબત વર્ષ ૨૦૨૬-૨૭

નિયામકશ્રી, સમાજ સુરક્ષા હસ્તકના સરકારી મહિલા ભિક્ષુક ગૃહ, ડભોડા, ગાંધીનગર ખાતે આઉટસોર્સીંગ ધોરણે કુલ ૧૦ જગ્યાઓ મંજૂર કરવા બાબતની રૂ.૦.૧૮ કરોડની નવી બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક:SJED/NIR/e-file/17/2025/2440/CHH

સચિવાલય, ગાંધીનગર.

તા.e-sign મુજબ

વંચાણે લીધા:

(૧) નાણા વિભાગનો તા.૨૫/૦૨/૨૦૨૬નો પરિપત્ર ક્રમાંક:FD/EXP/e-file/4/2026/0429/Z1(Economy)

(૨) નિયામકશ્રી, સમાજ સુરક્ષાનો તા.૦૭/૦૩/૨૦૨૬નો પત્ર ક્રમાંક:-DSD/NIT/e-file/226/2025/0838/Planning Branch.

પ્રસ્તાવના:

વંચાણે લીધેલ ક્રમાંક:(૨) પરના નિયામકશ્રી, સમાજ સુરક્ષાના તા.૦૭/૦૩/૨૦૨૬ના પત્રથી નાણાકીય વર્ષ ૨૦૨૬-૨૭માં નિયામકશ્રી, સમાજ સુરક્ષા હસ્તકના સરકારી મહિલા ભિક્ષુક ગૃહ, ડભોડા, ગાંધીનગર ખાતે આઉટસોર્સીંગ ધોરણે કુલ ૧૦ જગ્યાઓ મંજૂર કરવા બાબતની રૂ.૦.૧૮ કરોડની નવી બાબતને વહીવટી મંજૂરી આપવા દરખાસ્ત કરવામાં આવેલ છે. જે બાબત સરકારશ્રીની સક્રિય વિચારણા હેઠળ હતી.

ઠરાવ:

કાળજીપૂર્વકની વિચારણાને અંતે, નિયામકશ્રી, સમાજ સુરક્ષા હસ્તકના સરકારી મહિલા ભિક્ષુક ગૃહ, ડભોડા, ગાંધીનગર ખાતે નીચે કોષ્ટકમાં દર્શાવેલ આઉટસોર્સીંગ ધોરણે કુલ ૧૦ જગ્યાઓ મંજૂર કરવા અંગેની કુલ રૂ.૦.૧૮ કરોડની નાણાકી વર્ષ ૨૦૨૬-૨૭ની નવી બાબતને નિર્દિષ્ટ શરતોને આધીન આથી વહીવટી મંજૂરી આપવામાં આવે છે.

ક્રમ	સેવાનું નામ	સેવાની સંખ્યા	માસિક મહેનતાણું
૧	મદદનીશ રસોયા	૦૧	પ્રવર્તમાન લઘુતમ વેતન અનુસાર
૨	ફિમેલ ગાર્ડ/આયા	૦૫	પ્રવર્તમાન લઘુતમ વેતન અનુસાર
૩	સફાઇ કામદાર	૦૩	પ્રવર્તમાન લઘુતમ વેતન અનુસાર
૪	નર્સ	૦૧	માસિક રૂ.૨૦૦૦૦/- અન્ય ચાર્જીસ સિવાય

શરતો-

1. પ્રસ્તુત બાબતનો ખર્ચ તા.૦૧.૦૪.૨૦૨૬ થી કરવાનો રહેશે.
2. **લઘુતમ વેતન માટે નીચે મુજબ મહેનતાણા ચુકવવાના રહેશે.**

લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગના તા.૨૭/૦૩/૨૦૨૩ના જાહેરનામા તથા તેને આનુષાંગિક બહાર પાડવામાં આવેલ ઠરાવો/પરિપત્રો ધ્યાને લઇ બહાર પાડવામાં આવેલ લઘુત્તમ વેતનથી ઓછા ન હોય તેટલા મહેનતાણા આઉટસોર્સીંગ સ્ટાફને ચૂકવવાના રહેશે.

નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરીએ જરૂર જણાયે આઉટસોર્સથી સેવાઓ મેળવતા મેનપાવરના માસિક મહેનતાણાની ગણતરી માટે શ્રમ આયુકતની કચેરીના તા.૦૧/૦૪/૨૦૨૩ના પરિપત્રમાં દર્શાવેલ વિગતવાર ગણતરી પત્રકનો આધાર લેવાનો રહેશે. વધુમાં, લઘુત્તમ વેતનધારા અધિનિયમ, ૧૯૪૮ અન્વયે શ્રમ અને રોજગાર વિભાગ દ્વારા વખતોવખત બહાર પાડવામાં આવતી સૂચનાઓનું પાલન કરવાનું રહેશે.

3. આઉટસોર્સથી સેવા મંજૂરી મુજબના સમયગાળા પુરતી જ મેળવવાની રહેશે. તેનાથી વધુ સમય માટે આ સેવા નાણા વિભાગની પૂર્વ મંજૂરી સિવાય મંજૂરીની અપેક્ષાએ કે પશ્ચાતવર્તી અસરથી મંજૂરી મેળવવાની અપેક્ષાએ કોઈપણ સંજોગોમાં ચાલુ રાખી શકાશે નહી.
4. આઉટસોર્સથી સેવા લેવા અંગે મંજૂરી મળ્યા બાદ GEM Portal પર માન્ય આઉટસોર્સીંગ એજન્સી મારફત લેવા અંગેની નિયત કાર્યવાહી હાથ ધરવાની રહેશે.
5. આઉટસોર્સની સેવાઓ માન્ય એજન્સી મારફત ૧૧ માસ માટે લેવાની રહેશે. સેવાઓની મુદત પૂર્ણ થયેથી તાત્કાલિક અસરથી સેવાઓ સમાપ્ત

કરવાની રહેશે. ત્યારબાદ જરૂર જણાયે નાણા વિભાગની પૂર્વ મંજૂરી મેળવ્યા બાદ નિયત કાર્ય પદ્ધતિને અનુસરીને નવેસરથી સેવાઓ મેળવવા અંગેની કાર્યવાહી હાથ ધરવાની રહેશે.

6. નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરીએ ડ્રાઈવર અને વર્ગ-૪ની સેવાઓ સામાન્ય વહીવટ વિભાગના તા.૦૧/૦૪/૨૦૧૦ના ઠરાવની જોગવાઈ મુજબ મંજૂર થયેલ બજેટ જોગવાઈની મર્યાદામાં આઉટસોર્સીંગથી કરાવવાની રહેશે.
7. નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરીએ રાજ્ય સરકારની પ્રવર્તમાન આઉટ્સોર્સની નીતિનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. લઘુત્તમ વેતન ધારા, ઇપીએફ, ટીડીએસ, સર્વીસ ટેક્ષ, GST, સર્વિસ ચાર્જ અન્ય ચુકવણા અને કપાત સહિત લાગુ પડતા અધિનિયમો/કાયદાઓની જોગવાઇ મુજબ કાર્યવાહી હાથ ધરી સેવાઓ મેળવવાની રહેશે. વેતન અને સેવાઓ અંગે કોઇ કાયદાકીય પ્રશ્ન ઉપસ્થિત ન થાય તે જોવાની જવાબદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરીની રહેશે. નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરીએ આ અંગે એજન્સી ઉપર યોગ્ય મોનીટરિંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલા લેવાની જવાબદારી નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરીની રહેશે.
8. માન્ય આઉટસોર્સ એજન્સી દ્વારા આઉટસોર્સ મેનપાવરને નિયત મહેનતાણું સમયસર ચુકવવામાં આવે તે અંગે નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરીએ યોગ્ય મોનીટરીંગ વ્યવસ્થા ગોઠવવાની રહેશે. તેમજ એજન્સી આ બાબતે ક્ષતિ કરે તો તેના પર યોગ્ય પગલાં લેવાની જવાબદારી સંબંધિત નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરીની રહેશે.
9. મહેનતાણાના દરો નાણાવિભાગની પૂર્વ મંજૂરી મેળવીને નિયત કરવાના રહેશે. તેમજ નાણા વિભાગની પૂર્વ મંજૂરી સિવાય મહેંનતાણાના દરોમાં કોઇ વધારો કરવાનો રહેશે નહી.
10. આઉટસોર્સથી સેવા મેળવવાની હોય તો તેના માટે નિયમિત જગ્યા અંગેની કોઈ શરતો લાગુ પડશે નહિ.
11. આઉટ સોર્સ જો કોઈ કેન્દ્ર સહાયિત યોજના હેઠળ લેવાની થતી હોય તો તે અંગેનો ખર્ચ જે તે યોજના હેઠળ મેળવીને જ કરવાનો રહેશે. રાજ્ય સરકારના ફંડમાંથી ખર્ચ ઉધારવાનો રહેશે નહિ.
12. આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ જે તે વર્ષની અંદાજપત્રીય જોગવાઈને આધીન અને નાણાં વિભાગ દ્વારા વખતોવખત ફાળવવામાં આવતી ગ્રાંટની મર્યાદામાં કરવાનો રહેશે.
13. આ મંજૂરી અંગે કરવાના થતા ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.
14. આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાંટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહીં. બચત રહેતી રકમ વર્ષ આખરે સરન્ડર કરવાની રહેશે.
15. સદર વહીવટી મંજૂરી અન્વયે સતત બે વર્ષ સુધી ખર્ચ ન થાય તો આ વહીવટી મંજૂરી આપોઆપ રદ ગણાશે.
16. આ સેવાઓ વખતો-વખત મેળવવાની થાય તો સેવાની મુદત લંબાવવાની દરખાસ્ત મુદત પુરી થવાના ૨ (બે) માસ અગાઉ નાણા વિભાગને રજૂ કરવાની હોઇ મુદત પુરી થવાના ત્રણ (૩) માસ અગાઉ નિયામકશ્રી, સમાજ સુરક્ષા કચેરીએ વિભાગને દરખાસ્ત કરી વધુ ૧૧ માસ માટે સેવા મેળવવાની મંજૂરી મેળવી લેવાની રહે છે.

૨. આ અંગેનું ખર્ચ માંગણી નં:૯૨-(પ્લાન); મુખ્ય સદર: ૨૨૩૫-સામાજિક સુરક્ષા અને કલ્યાણ; પેટા મુખ્ય સદર: ૦૨- સમાજ કલ્યાણ; ગૌણ સદર: ૮૦૦- અન્ય ખર્ચ; પેટા સદર: (૦૧) SSW-૨૩ ભિક્ષા નાબુદી અને ભિક્ષુકોના પુન:સ્થાપન માટે કાર્યક્રમ હેઠળ ઉધારવાનું રહેશે.

૩. આ ઠરાવ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની નોંધથી મળેલ મંજૂરી અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(જીગર પટેલ)

સેક્શન અધિકારી

સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- માન. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર
- માન. રા.ક. મંત્રીશ્રી(સા.ન્યા.)ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, સચિવાલય, ગાંધીનગર
- સચિવશ્રી(સા.ન્યા.)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- નાણાકીય સલાહકારશ્રી, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- નિયામકશ્રી, સમાજ સુરક્ષા, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

- એકાઉન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર
- તિજોરી અધિકારીશ્રી, ગાંધીનગર
- નિવાસી ઓડિટ અધિકારીશ્રી, ગાંધીનગર
- કોમ્પ્યુટર સેલ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર. (વિભાગની વેબસાઈટ પર ઓનલાઈન મુકવા વિનંતી સહ).
- સેક્શન અધિકારીશ્રી, છ-૧/છ-૨ શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- સિલેક્ટ ફાઇલ-૨૦૨૬

Signature Not Verified
Signed by:Sigar Patel
Section Officer
Date:2026.04.30
11:01:44 +5:30

File No: SJED/NIR/e-file/17/2025/2440/CHH Section
Approved By: Deputy Secretary,CHH Section,SJED

Open the document in Adobe Acrobat DC to verify the E-sign